**રાજ્યની ધોરણ ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ આપવાની યોજના**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મભય – ૧૩૨૦૦૩–૧૨૯૭–ર
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 24 DEC 2003

<u>વંચાણે લીધા</u>:– (૧) આદિજાતિ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંક: પરચ / ૧૦૨૦૦૦ / ગ તા.૧૦.૮.૨૦૦૦
(૨) આદિજાતિ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંક: પરચ / ૧૦૨૦૦૦ / ગ તા.૧૭.૧૦.૨૦૦૦
(૩) શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: મભય / ૧૩૨૦૦૩ / ૩૩૫(૧) ૧૯૧–ર તા.૩૧.૩.૨૦૦૩

<u>ઠ રા વ</u> :–

રાજ્યના આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યાઓના કેળવણીનો વ્યાપ વધારવા, પ્રોત્સાહન આપવા શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા, ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટાડવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુથી આદિવાસી કન્યાદીઠ ધોરણ ૧ થી ૭ માં ભણતી કન્યાઓને વાર્ષિક ૯૦ કિ.ગ્રામ કુટુંબદીઠ બે કન્યાઓ માટે ૧૨૦ કિ.ગ્રામ મફત અનાજ વિતરણની યોજના અમલમાં મૂકેલ છે. આમુખ–(૩) ના વંચાણે લીધેલ ઠરાવથી રૂા. ૧૪.૨૩ (ચૌદ કરોડ ત્રેવીસ લાખ) ની ગ્રાન્ટની રકમ આદિજાતિ વિકાસ વિભાગે ન્યુ ગુજરાત પેટર્નમાંથી શિક્ષણ વિભાગને તા.૮.૧.૨૦૦૩ ના રોજ ગ્રાન્ટ ફાળવેલ હતી.આ ગ્રાન્ટ નાણાંકીય વર્ષના અંતે મળેલ હોઈ લેપ્સ ન જાય તે માટે કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના દ્વારા સીવીલ સપ્લાય કોર્પોરેશનના હવાલે મૂકેલ છે. સદરહુ ગ્રાન્ટ અન્વયે હવે આ યોજનાનું સુવ્યવસ્થિત અમલીકરણ કરવાની વિગતવાર દરખાસ્ત ઉચ્ચ કક્ષાએ વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે માન. મુખ્ય સચિવશ્રી બેઠકમાં હાજર રહી આ યોજનાનું સફળતાપૂર્વક આયોજન કરવા યોજનાનો હાર્દ સમજાવી આ યોજના ચાલુ કરવા માટે તેમણે એકશન પ્લાન ઘડી કાઢવા સુચના આપી. અને તદ્અનુસાર નીચેની શરતોને આધીન રહીને રૂા. ૧૪,૨૩,૦૦,૦૦૦ (ચૌદ કરોડ ત્રેવીસ લાખ) રકમનો ખર્ચ કરવા પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લેવામાં આવે છે.

૧. આ યોજનાનું અમલીકરણ ઉચ્ચ કક્ષાએ લેવાયેલ નિર્ણય અનુસાર હવે શિક્ષણ વિભાગ અને કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના અને સ્કુલ્સ મારફતે કરવાનું રહેશે.

૨. શિક્ષણ વિભાગે આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

૩. ધોરણ ૧ થી ૭ માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓની ૭૦% હાજરી અંગેનું પ્રમાણપત્ર પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ વાલીને આપવાનું રહેશે.

૪. આ પ્રમાણપત્ર કાર્ડનો નમુનો તથા શાળા આચાર્યશ્રીએ રાખવાના રજીસ્ટરનો નમુનો કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ એ કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના તથા નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને આપવાનું રહેશે. તથા નમુના અનુસારના પ્રમાણપત્રો (કાર્ડ) તથા રજીસ્ટરો છપાવવાની કાર્યવાહી કમિશનરશ્રી મ.ભો.યો. અને શાળાએ કરવાની રહેશે.

૫. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે હાજરી અંગેના પ્રમાણપત્રો ઈસ્યુ કરવા બાબતે તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યોને આ યોજનાના અમલીકરણ અંગેનો પરિપત્ર તૈયાર કરીને સૂચના આપવાની રહેશે.

૬. પ્રાથમિક શાળાની આદિજાતિ કન્યાઓની હાજરી નિયમિતપણે આપવા તથા ખરેખર આદિજાતી કન્યાઓની ખરાઈ કરી વિગતો આપવા પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ ઉપર દેખરેખ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરવાની રહેશે.

૭. આ યોજનાનું બજેટ હેડ મધ્યાહન ભોજન યોજના મા.નં.૯૪ મુખ્ય સદર: ૨૨૦૨ યોજના આયોજન સદરના પેટા સદર(૯) આદિજાતિ (કન્યાઓના વાલીઓને અનાજ આપવા બાબત હેઠળ જોગવાઈ કરવાની રહેશે.

૮. ખર્ચના હિસાબો મધ્યાહન ભોજન યોજનાના ડેપ્યુટી કલેકટર / મામલતદાર રાખશે અને કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના ને આપશે.

૯. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ ધ્વારા દર વર્ષે આદિજાતિ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓની વિગતો પૂરી પાડવાની રહેશે.

૧૦. આદિજાતિ કન્યાઓની જાતિની ખરાઈ સબંધિત મામલતદારશ્રીએ કરી જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રી (તકેદારી) ના પરામર્શમાં કરાવવાની રહેશે.

૧૧. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે સબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ મારફત પ્રાથમિક શાળાઓની નજીકમાં આવેલ ફેરપ્રાઈઝ શોપને આ પ્રમાણપત્ર / કાર્ડ ધારકોને અનાજ આપવાની સુચનાઓ આપશે.

૧૨. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના જિલ્લા તકેદારી અધિકારી / આદિજાતિ) આ યોજનાના અમલીકરણ અંગેની રેન્ડમ ચકાસણી કરશે.

૧૩. કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના અને સ્કુલ્સ આ યોજનાના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કામગીરી કરશે.

૧૪. આ યોજનામાં ત્રણ ત્રિમાસિક સરખા હપ્તામાં અનાજ આપવાની પધ્ધતિ છે. તેમાં ફેરફાર કરીને સને ૨૦૦૩-૦૪ ના શૈક્ષણિક સત્રથી બે છમાસિક હપ્તામાં ૩૦ + ૩૦ ૬૦ કિ.ગ્રા. અનાજનું વિતરણ કરવાનું રહેશે.

૧૫. આ અંગે સને ૨૦૦૪-૦૫ ના વર્ષ માટે ટી.એ. એસ.પી (TASP) માં આ યોજના અંગે પર્યાપ્ત નાણાંકીય જોગવાઈ કરવા તુર્ત જ નવી બાબત આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં રહી નાણા વિભાગને રજૂ કરવાની રહેશે.

૧૬. આયોજનાની સંપૂર્ણ કામગીરીના અંતે નાણાંકીય રકમમાં તફાવત વધઘટના હિસાબો સરભર કરવાના રહેશે.

૧૭. આ ફાળવેલ ગ્રાન્ટ જે તે સદરતળે જ બરાબર વપરાય અને યોજનાની કામગીરીમાં અવરોધ ન આવે તે સબંધિત અધિકારીએ ચકાસણી કરવાની રહેશે.

૧૮. સબંધિત શાળાના આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે જ વાલીને ૩૦ કિ. અનાજ આપવાનું રહેશે. અનાજ આપવાની પાત્રતા ના ઓળખપત્ર ઉપર લખાણ કરી સસ્તા અનાજના દુકાનદારે રાખી લઈ આ ઓળખપત્ર શાળાના આચાર્ય પાસે પરત જમા કરાવવાનું રહેશે.

૧૯. આ અંગેનું સઘળું સાહિત્ય કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.
માંગણી ક્રમાંક: ૯૪ (આયોજન) આદિજાતિ વિ.પે.યો.
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨ પોષણયુક્ત આહાર પીણાંનું વિતરણ
ગૌણ સદર: ૭૯૬ આ.જા.વિ.પે.યો.
પેટા સદર: (૯) આદિજાતિ વિસ્તારમાં મધ્યાહન ભોજન યોજના માટેની યોજના નં. ૮૯૭૦૨૮૩
હેડ ચાર્જેબલ- ૨૨૩૬ / ૦૨ / ૭૯૬ / ૦૩૪

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર આદિજાતિ વિકાસ વિભાગની તા.૨૧.૧૨.૨૦૦૩ ના રોજ મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એલ.જે.આરેલા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.